પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૪૮ | ૦૬ ઓગસ્ટ, ૨૦૨૩, રવિવાર; અધિક શ્રાવણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

મોદીના હસ્તે ૧૬ સ્ટેશનનો શિલાન્યાસ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૬ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા "અમૃત ભારત સ્ટેશન યોજના" હેઠળ ભારતીય રેલવે ના ૫૦૦ થી વધુ રેલ્વે સ્ટેશનોના પુનઃવિકાસ માટે શિલાન્યાસ કરશે : અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ અમદાવાદ મંડળના ૧૬ રેલ્વે સ્ટેશનોનું સ્વરૂપ બદલાશે : માનનીય વડાપ્રધાન અમદાવાદ મંડળના વિરમગામ, અસારવા, પાલનપુર, કલોલ જં., ન્યુ ભુજ, ભચાઉ, પાટણ, હિંમતનગર અને ધ્રાંગધ્રા સ્ટેશનોનો શિલાન્યાસ કરશે

ગાંધીનગર, તા.૫

ભારતીય રેલ આધુનિકીકરણની દિશામાં અને ભારત સરકાર ના નવા ભારત ના સ્વપ્રને સાકાર કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે.સમગ્ર દેશમાં રેલ્વે સ્ટેશનો ને વિશ્વ કક્ષાની સંસ્થાઓ તરીકે વિકસાવવાનું કામ ઝડપી ગતિએ થઈ રહ્યું છે.

આ ક્રમમાં મધ્યના ત્રણ સ્ટેશનો પર કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.તેમાં ગુજરાતમાં ગાંધીનગર કેપિટલ સ્ટેશન, મધ્ય પ્રદેશમાં રાણી કમલાપતિ સ્ટેશન અને બેંગલુરુ, કર્ણાટકમાં સર એમ વિશ્વેશ્વરૈયા ટર્મિનલ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ સ્ટેશનો આધુનિક ભારતનું ભવ્ય ચિત્ર રજૂ કરે છે. આ સ્ટેશનો પર મુસાફરો માટે અત્યાધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવી છે.મુસાફરોની સરળ અવરજવર માટે લિફ્ટ અને એસ્કેલેટર સિવાય કોન્સર્સ, વેઈટિંગ રૂમ અને રિટેલ ક્ષેત્ર આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવ્યા છે. આ સાથે મુસાફરોના આવવા-જવા અને વાહનોના પાર્કિંગ માટે પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, દેશભરના

● અનુસંધાન પાન-૭ પર

દિલ્હીની કાલકા વિસ્તારની બહેનોના પત્રથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાવવિભોર





નવી દિલ્હી તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના કાલકા વિસ્તારની બહેનો દ્વારા તેમને પોસ્ટકાર્ડ પર લખાયેલા પત્રથી અભિભૂત થઈ ગયા હતા અને આ આનંદ વડાપ્રધાને ટ્વીટર પર ભાવવિભોર થઈને વ્યક્ત કર્યો હતો.બન્યુ એવું કે 'જ્યાં ઝૂંપડી ત્યાં મકાન'યોજના હેઠળ કાલકા વિસ્તારમાં જે બહેનોને પાકા મકાન મળ્યા છે એ બહેનોએ વિદેશ મંત્રી જયશંકર જ્યારે તેમને મળવા ગયા ત્યારે વડાપ્રધાનને લખેલા પોસ્ટકાર્ડ તેમને સુપ્રત કર્યા હતા.આ પત્રમાં બહેનોએ લખ્યું હતું કે 'જ્યાં ઝૂંપડી ત્યાં મકાન'ની યોજનાથી એમનું વર્ષોજૂનુ સ્વપ્ન પૂર્ણ થયું છે અને તેમનાં કુટુંબનું જીવન આસાન થઈ ગયું છે.વડાપ્રધાને આ નાનકડા પત્ર બદલ એ બહેનોનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે અમારી સરકાર ગરીબોના કલ્યાણ માટે આ રીતે જ પુરી પ્રતિબદ્ધતાથી કામ કરતી રહેશે.

પીડીપીના ચીફ મહેબૂબા મુફ્તી નજરકેદ

પોલીસે દરોડા પાડ્યા, પીડીપીના ઘણા નેતાઓને બંધ કરી દીધા હોવાનો કાશ્મીરનાં પૂર્વ મુખ્યપ્રધાનનો દાવો

જમ્મુ, તા.૫

જમ્મુ અને કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કરવાની ચોથી વર્ષગાંઠ પર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરક્ષા કડક કરવામાં આવી છે. દરમિયાન પીડીપી ચીફ અને પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ દાવો કર્યો છે કે, તેમની સાથે અન્ય ઘણા નેતાઓને નજરકેદ કરવામાં આવ્યા છે. તેમણે ટ્વીટ કર્યું, 'પીડીપીના અન્ય સીનીયર નેતાઓ સાથે અમને નજરકેદ કરવામાં આવ્યા છે. પોલીસે રાત્રે દરોડા પાડ્યા અને અમારા ઘણા નેતાઓને પોલીસ સ્ટેશનમાં બંધ કરી દીધા. જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ હોવાનો ભારત સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલો દાવો ખોટો છે. મહેબૂબા મુફ્તીએ ટ્વીટની સાથે બે તસવીરો પણ શેર કરી છે જેમાં ગેટ પરનું તાળું જોઈ શકાય છે. મહેબૂબા મુફ્તીની પાર્ટી પીડીપીએ આ અવસર પર સેમિનારનું આયોજન કરવાની મંજૂરી માંગી હતી. જોકે, વહીવટીતંત્રે તેમને પરવાનગી આપવાનો ઇનકાર કર્યો હતો. મુફ્તીએ ટ્વીટમાં

● અનુસંધાન પાન-૭ પર

હરિયાણામાં ૪૦ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવાયું

શહેરમાં બુલડોઝરની સતત કાર્યવાહીના કારણે ગેરકાયદે બાંધકામ કરતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો

નૂહ, તા.૫

હરિયાણાના નૂહમાં હિંસાને કારણે તણાવની સ્થિતિ જોવા મળી રહી છે. દરમિયાન જિલ્લા પ્રશાસને ફરી એકવાર ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દીધું છે.

આજે અહીં એસએચકેએમ સરકારી મેડિકલ કોલેજ પાસે ગેરકાયદે દુકાનો તોડી પાડવામાં આવી છે. આ સાથે ગેરકાયદે અતિક્રમણ પણ ખાલી કરાવવામાં આવ્યું છે. આજે સવારે, નૂહ વહીવટીતંત્રની ટીમ નલહર મંદિરના માર્ગ પર સ્થિત હોસ્પિટલની સામે પહોંચી અને ત્યાં ગેરકાયદે અતિક્રમણ દૂર કરવાનું કામ શરૂ કર્યું છે. શહેરમાં બુલડોઝરની સતત કાર્યવાહીના કારણે ગેરકાયદે બાંધકામ કરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ, આ કાર્યવાહી ડિસ્ટ્રિક્ટ ટાઉન પ્લાનર દ્વારા કરવામાં આવી રહી છે. ૪૦ જેટલી દુકાનો ગેરકાયદે હતી, તેને તોડી પાડવામાં આવી છે. આ એ જ જગ્યા છે જ્યાં ૩૧ જુલાઈએ હિંસા ફાટી નીકળ્યા બાદ વાહનો સળગાવવામાં આવ્યા હતા અને પથ્થરમારો થયો હતો.

નૂહના એસડીએમ અશ્વિની કુમારે જણાવ્યું કે, સીએમના આદેશ પર કાર્યવાહી કરવામાં આવી છે. અહીં બધું ગેરકાયદે બાંધકામ છે. આ લોકો

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તર ભારતમાં ભૂકંપના પ્રચંડ આંચકા અનુભવાયા

દિલ્હી, તા.૫

દિલ્હી દ્રઝઈમાં ભૂકંપના પ્રચંડ આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૮ માપવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિંદુકુશમાં છે. આ આંચકા રાત્રે ૯-૩૫ કલાકે નોંધાયા છે. આ ભૂકંપના આંચકા ભારત સહિત અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના ઘણા ભાગોમાં અનુભવાયા છે. ૪ મહિના પહેલા પણ ભારત, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર એની તીવ્રતા ૬.૬ માપવામાં આવી. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના ફૈઝાબાદથી ૧૩૩ કિમી દૂર દક્ષિણ પૂર્વમાં જમીનથી ૧૫૬ કિમી ઊંડાણમાં હતું. પાકિસ્તાનમાં ૯ લોકો મૃત્યુ પામ્યા અને ૩૦૨ લોકો ઘાયલ થયા હતા.

જ્યારે ભારતમાં પણ એની અસર જોવામાં આવી હતી. દિલ્હી, રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકો ગભરાઈને જીવ બચાવવા માટે ઘરની બહાર દોડી આવ્યા. દિલ્હી-NCR, ગાઝિયાબાદના અનેક વિસ્તારોમાં લોકોએ આખી રાત પસાર કરી હતી.

ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમને વર્લ્ડ તિરંદાજીમાં ગોલ્ડ

વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભારતે ઈતિહાસ રચ્યો : જ્યોતિ સુરેખા વેન્નમ, અદિતિ સ્વામી અને પરનીત કૌરની ભારતીય ટીમે આ વર્લ્ડ કપમાં મેડલનું ખાતું ખોલ્યું

બર્લિન, તા.૫

જર્મનીની રાજધાની બર્લિનમાં ચાલી રહેલી વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભારતની ટીમે

ઈતિહાસ રચ્યો હતો. જ્યોતિ સુરેખા વેન્નમ, અદિતિ સ્વામી અને પરનીત કૌરની ભારતીય મહિલા કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે મેક્સિકોને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો અને ભારત માટે ૪૨ વર્ષના દુષ્કાળનો અંત કર્યો હતો. આ જીતની સાથે જ ભારતે આ વર્લ્ડ કપમાં મેડલનું ખાતું ખોલ્યું હતું. વર્ષ ૧૯૮૧માં પુંટા અલા (ઇટાલી) ખાતે તીરંદાજી વર્લ્ડ ચેમ્પિયનશિપની શરૂઆત બાદ ભારતે પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. ભારતે છેલ્લે નેધરલેન્ડ્સમાં યોજાયેલી ૨૦૧૯ તીરંદાજી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રિકર્વ કેટેગરીમાં મેડલ જીત્યો હતો. તરુણદીપ રાય, અતનુ દાસ અને પ્રવીણ જાધવની પુરુષ ટીમે સિલ્વર મેડલ જીત્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને આ ટીમને તેમની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ભારતીય મહિલા ટીમે ટોચની ક્રમાંકિત મેક્સિકોને એકતરફી ફાઈનલમાં ૨૩૫-૨૨૯થી હરાવી વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપમાં દેશનો પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતે આ પહેલા સેમિફાઈનલમાં કોલંબિયાને અને ક્વાર્ટર ફાઈનલમાં ચાઈનીઝ તાઈપૈને હરાવ્યું હતું. અગાઉ ભારત વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપના રિકર્વ કેટેગરીમાં ચાર વખત અને નોન-ઓલિમ્પિક કમ્પાઉન્ડ કેટેગરીમાં પાંચ વખત ફાઈનલમાં હારી ગયું હતું. આ ઐતિહાસિક જીત બાદ ટીમ મેમ્બર જ્યોતિએ કહ્યું, અમે ઘણા સિલ્વર મેડલ જીત્યા હતા અને ગઈ કાલે અમે વિચાર્યું હતું કે હવે અમે ગોલ્ડ જીતીશું. આ એક શરૂઆત છે, અમે વધુ મેડલ જીતીશું. હાલમાં જ અંડર-૧૮ વર્લ્ડ ચેમ્પિયન બનેલી ૧૭ વર્ષની અદિતિ આ ટીમની સૌથી યુવા સભ્ય છે. આ જીત બાદ તેણે કહ્યું કે દેશ માટે પહેલો મેડલ જીતવો અને ભારતીય ધ્વજ લહેરાતો જોવા એ ખાસ ક્ષણ છે. એવા સમયે જ્યારે ભારતીય રિકર્વ તીરંદાજોનો ગ્રાફ ઘટી રહ્યો છે ત્યારે નોન ઓલિમ્પિક કમ્પાઉન્ડ ઈવેન્ટમાં આ જીત ટીમનું મનોબળ વધારશે. આ ટુર્નામેન્ટમાં ભારતના તમામ રિકર્વ તીરંદાજો મેડલની રેસમાંથી બહાર થઈ ગયા છે. રિકર્વ ઈવેન્ટમાં ભારતનો પડકાર ગુરુવારે ધીરજ બોમ્મદેવરા અને સિમરનજીત કૌરની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં બહાર થતાંની સાથે સમાપ્ત થઈ ગયો છે. મેક્સિકો સામેની ફાઈનલમાં ત્રણેય ભારતીય ખેલાડીઓએ પ્રથમ ત્રણ રાઉન્ડમાં ૬૦માં ૫૯-૫૯નો સ્કોર કર્યો હતો. આ સાથે ભારતે ૧૭૭-૧૭૨ની લીડ મેળવી લીધી હતી.

મસ્જિદના ભોંયરામાંથી મંદિર સબંધિત અનેક ચિહ્ન મળ્યા

જ્ઞાનવાપી મસ્જિદમાં એએસઆઈ ટીમનો સર્વે : થ્રી ડી ઈમેજ તૈયાર કરાઈ, અહીં સ્તંભ અને દીવાલો પર કમલના ફૂલ, પાંદડા તથા મૂર્તિઓના ચિહ્ન મળી આવ્યા

નવી દિલ્હી, તા.૫

એએસઆઈની ટીમ સતત બીજા દિવસે જ્ઞાનવાપી મસ્જિદના પરિસરમાં સરવે કરી રહી છે. શનિવારે મુસ્લિમ પક્ષ દ્વારા સહયોગ કરાયા બાદ મસ્જિદના ભોંયરામાં પણ સરવે હાથ ધરાયો હતો. આ દરમિયાન હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે મસ્જિદના ભોંયરામાં મંદિર સંબંધિત અનેક ચિહ્ન મળી આવ્યા છે.

હિન્દુ પક્ષના વકીલ અનુપમ દ્વિવેદીએ દાવો કર્યો હતો કે અત્યાર સુધીની તપાસમાં જુદા જુદા પોઈન્ટ પર ટેમ્પલ આર્કિટેક્ટ સામે આવ્યું છે. નમાઝને લીધે બપોરે સરવે અટકાવી દેવાયો હતો. લંચ બાદ તે ફરી શરૂ કરાયો હતો. તેમાં બીજા ભોંયરાની તપાસની સાથે જ હોલની અંદર ઝિણવટપૂર્વક સરવે હાથ ધરાશે. એડવોકેટ અનુપમ દ્વિવેદીએ કહ્યું કે એએસઆઈએ જ્ઞાનવાપીના ભોંયરાની તપાસ શરૂ કરી છે. ત્યાં હિન્દુ મંદિરના નિશાન મળી આવ્યા છે.

તેમણે જણાવ્યું કે એએસઆઈના સરવે જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણ ભોંયરામાં પણ કરાયો હતો. અહીં જીએનએસએસ મશીનની મદદથી થ્રી ડી ઈમેજ તૈયાર કરાઈ હતી. અગાઉ સરવે ટીમ જ્ઞાનવાપી મસ્જિદના મુખ્ય હોલમાં પહોંચી હતી. અહીં સ્તંભ અને દીવાલો પર કમલના ફૂલ, પાંદડા તથા મૂર્તિઓના ચિહ્ન મળી આવ્યા હતા. સંપૂર્ણ હોલનું મેપિંગ કરાયું હતું.

ઘર સંભાળ માટે બહેન જોઈએ છે

સવારે ૯ થી સાંજે ૫ સુધી રોકાઈને ઘરની સંભાળ કરી શકે તેવા બ્રાહ્મણ, વણિક કે પટેલ (ઉંમર ૫૦ વર્ષ સુધી) બહેનની જરૂર છે.

મોબાઈલ નંબર
૮૫૧૧૫ ૧૬૭૨૭
ઉપર સંપર્ક કરવો

ભાડે આપેલ ઓફિસ વેચવાની છે
માસિક રૂ.૨૨,૦૦૦/- ભાડા ની આવક
કેપીટોલ આઇકોન -૧
(આસ્કા હોસ્પિટલની સામે, ગાંધીનગર)
★ ૨ ભાડા ડિપોઝીટ ★ ૫ વર્ષનો એગ્રીમેન્ટ
★ દર વર્ષે ૫% ભાડા વધારો
97122 51133